ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# બજારોમાં શિયાળુ શાકભાજી ઠલવાતાં ભાવમાં કડાકો

## કમુહૂર્તા પછી ભાવો વધુ ઘટશે : ડુંગળીના ભાવમાં પણ ઘટાડો : લીલા શાકભાજીમાં ખુબ વેરાયટી

ગાંધીનગર, તા. ૩



શિયાળો જામતા જ બજારોમાં શાકભાજીના ઢગલે ઢગલા જોવા મળી રહ્યા છે. શાકભાજીની આવક વધતા ભાવો પણ ઘટવા લાગ્યા છે. પચાસ ટકા સુધી ભાવો ઘટતા ગૃહિણીઓ આનંદિત થઈ ગઈ છે.

આસમાને પહોંચેલા શાકભાજીના ભાવમાં કડાકો નોંધાયો છે. છેલ્લા ચાર-પાંચ મહિનાથી શાકભાજીના ભાવો ખુબ ઉંચા જોવા મળ્યા હતા. ભાવો ખુબ વધી જતા ગૃહિણીઓને ફળ અને શાકભાજીના બજેટમાં કપાત કરવાની ફરજ પડી હતી. હવે શિયાળુ પાકની બજારોમાં ભરપુર આવક થતા ભાવો ઘટી રહ્યા છે. સરેરાશ દરેક શાકભાજીમાં કિલોએ રૂ. ૧૦ થી ૩૦નો ઘટાડો જોવા મળી રહ્યો છે. ઉંધીયાની સિઝન આવતા જ ભાવો ઘટતા ગૃહિણીઓ ઉત્સાહમાં આવી ગઈ છે. ફુલાવર, વટાણા, રીંગણ, કોબી, દૂધી જેવી શાકભાજીના ભાવો નીચા ઉતર્યા છે તો શિયાળાની સ્પેશીયાલીટી ગણાતી મેથી, પાલક, સુવા, કોથમીર જેવી ભાજીઓ ખુબ ઓછા ભાવે બજારોમાં ઉપલબ્ધ બની છે. ગાજરની આવક પણ થઈ રહી છે. ગયા સપ્તાહે ખુબ ઉંચા ગયેલા ટામેટાના ભાવો નીચા આવ્યા છે. શાકભાજીમાં ખુબ વધુ વેરાયટી ઉપલબ્ધ બનતા હવે ભોજનના મેનુમાં પણ વેરાયટી જોવા મળી રહી છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર બજારોમાં લોકલ બેંગ્લોર, પુના, નાસિક સહિતથી માલની આવકો વધી છે. વળી હાલમાં લગ્નગાળાને કારણે શાકભાજીના ભાવો હજુ થોડાક ઉંચા છે. પરંતુ કમુરતા પછી ભાવોમાં વધુ ઘટાડો આવશે. આગામી દિવસોમાં બહારના રાજયોમાંથી પણ શાકભાજીની આવકો વધશે. નવી આવકો વધતા ડુંગળીના ભાવો પણ ખુબ ઘટ્યા છે. એક સમયે ૮૦ થી ૧૦૦ રૂ. કિલોએ વેચાતી ડુંગળીના ભાવો ૩૦ થી ૪૦ રૂ. સુધી પહોંચી ગયા છે.





(તસવીર : દિપક જાની)

| શાકભાજી | પહેલા | હાલમાં |
|---|---|---|
| વટાણા | ૬૦ થી ૭૦ | ૫૦ થી ૬૦ |
| રીંગણ | ૪૦ થી ૫૦ | ૧૦ થી ૨૦ |
| કોબીજ | ૩૦ થી ૪૦ | ૨૦ થી ૨૫ |
| ગાજર | ૩૦ થી ૪૦ | ૨૦ થી ૨૫ |
| ટમેટા | ૭૦ થી ૮૦ | ૪૦ થી ૫૦ |
| કારેલા | ૫૦ થી ૬૦ | ૩૦ થી ૪૦ |
| કાકડી | ૪૦ થી ૪૫ | ૨૫ થી ૩૦ |
| દુધી | ૨૦ થી ૩૦ | ૧૫ થી ૨૦ |
| વાલોર | ૫૦ થી ૬૦ | ૩૦ થી ૩૫ |

# સે-૨૮ બાલોદ્યાનને વિકસાવવા નવતર અભિગમ અપનાવાશે

## વિવિધ ૭ એજન્સીઓને અભ્યાસ હાથ ધરી પ્રોજેક્ટ તૈયાર કરવા જણાવાયું છે : એક એજન્સીએ અહેવાલ સુપ્રત કર્યો!

ગાંધીનગર, તા.૩

સે-૨૮ના બાલોદ્યાનની કાયાપલટ કરવા વિવિધ ૭ એજન્સીઓને અભ્યાસ હાથ ધરવાની જવાબદારી સોંપવામાં આવી છે. બાલોદ્યાનને નયનરમ્ય અને નમૂનારૂપ બનાવવવા વિશેષરૂપે શું થઈ શકે તે મામલે સરકાર દ્વારા ડીટેઈલ-રીપોર્ટ તૈયાર કરવા જુદી જુદી કન્સલટન્સીને કામ સોંપવામાં આવ્યુ છે. આ મામલે એક એજન્સીએ અહેવાલ તૈયાર કરી તંત્રને સુપ્રત પણ કરી દીધો છે.

એક જમાનામાં સહેલાણીઓમાં અદમ્ય આકર્ષણનું કેન્દ્ર બનેલા સે-૨૮નો બાલોદ્યાન બે વર્ષ પૂર્વે સાવ મરણપથારીએ હતો. આવા સંજોગોમાં ઉદ્યાનની રોનક પાછી લાવવા બાલોદ્યાનમાં ભૂલકાંઓની મીની ટ્રેઈન શરુ કરવા ઉપરાંત તળાવમાં બે નવી બોટ તરતી મુકવામાં આવી હતી. આ ઉપરાંત લાખોના ખર્ચે નવું પ્લેટફોર્મ પણ બનાવામાં આવ્યું હતું. આમ છતાં દાયકાઓ જૂના આ બાલોદ્યાનમાં ઘણું ખૂટતું હોવાનો અહેસાસ આમ નાગરિકોને ખૂંચતો હતો. શહેરની આગવી ઓળખ સમા બાલોદ્યાનને નવા રૂપરંગ આપવા અને નમૂનારૂપ બનાવવા સરકાર કક્ષાએ નવી વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે બાલોદ્યાનને નવતર અભિગમ સાથે વિકસાવવા ડિટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવા તંત્ર કક્ષાએથી વિવિધ એજન્સીઓને પત્ર લખી જણાવાયું હતું. ૧૨૪૩૦૦ ચો.મી. વિસ્તારમાં સ્થિત બાલોદ્યાનના નવીનીકરણ અન્વયે વિશિષ્ટ પ્રકારનો એન્ટ્રસ, આર્ટ ઈન્સ્ટોલેશન, રમત ગમતના નવા સાધનો, લેન્ડ સ્કેપીંગ સહિત સિવિલ અને ઈલેકટ્રીફીકેશનની કામગીરી હાથ ધરવાની છે. બજેટમાં પણ આ કાર્ય યોજનાને સાકાર કરવા રૂ. ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જો કે ૬ મહિનાના અંતે હજુ આ મામલે આખરી આયોજન થઈ શકયું નથી.

# પંચાયતોના દફતર ચકાસણીમાં તંત્રની ઉદાસીનતા સામે ડી.ડી.ઓ. નારાજ

## ૪૮ ગામોના લક્ષ્યાંક સામે માત્ર ૩ જ ગામની દફ્તર ચકાસણી થઈ છે !

ગાંધીનગર, તા. ૩

પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોના દફતર ચકાસણી કાર્યક્રમમાં તંત્રના અધિકારીઓની ઉદાસીનતા સામે જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાને નારાજગી વ્યક્ત કરી અધિકારીઓને આ કામગીરી સમય મર્યાદામાં સંપન્ન થાય તે માટે તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ૪૮ જેટલા ગામોની દફતર ચકાસણી માટે ૮ જેટલા અધિકારીઓની ટીમો બનાવવામાં આવી હતી. દિવાળી પહેલાં આ કામગીરી માટેના આદેશો પણ કરી દેવામાં આવ્યા હતા.

મળતી વિગતો મુજબ ૫૦ ટકા જેટલી કામગીરી આ માસ પૂર્વે સંપન્ન કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી માત્ર ૩ જ ગામોના દફતરની ચકાસણી અંગેનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજુ થયો છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેકવાને આ કામગીરીથી નારાજ થઈ જવાબદાર અધિકારીઓને કડક તાકીદ લેખિતમાં કરતાં તંત્રમાં સન્નાટો

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરમાં સેક્ટર-૧૬ સરકારી માધ્યમિક શાળાના પટાંગણમાં મહાનગર ખેલ મહાકુંભ અન્વયે યોજાયેલ દોડની સ્પર્ધામાં એક વિદ્યાર્થીનીને દોડતા-દોડતા એકાએક દુ:ખાવો અને ગભરામણ થતાં પડી ગઈ હતી. જ્યાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી જ્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

## ખૂણે... ...ખાંચરેથી

- દહેગામ તાલુકા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ મહોબ્બતસિંહ વાઘેલાનું દુ:ખદ અવસાન થતાં કોંગી કાર્યકરોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- તાલુકા કક્ષાની ખેલ મહાકુંભની ચેસ સ્પર્ધા આજે ગાંધીનગર શહેરમાં આજે ચાર જગ્યા પર યોજાશે.
- બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખાનું સર્વર મુંબઈમાં ખોટકાતાં ગાંધીનગરની શાખામાં આખો દિવસ કાર્યવાહી ઠપ્પ રહેતાં ગ્રાહકો પરેશાન થયા હતા.
- સુંદરી નાટ્ય સ્પર્ધામાં ગઈકાલે અમદાવાદના જયશંકર સુંદરી હોલમાં ગાંધીનગરના ૨૦ કલાકારોએ 'મેળાનો મને થાક લાગે રે...' નાટક રજુ કર્યું હતું.
- લગ્નસરામાં ગાંધીનગરાઓ ખુબ વ્યસ્ત બન્યા છે.
- નગરના જાણીતા સર્જન ડૉ. દિપક મહેતાના માતુશ્રી લીલાબેન મહેતાનું દુ:ખદ અવસાન સોમવારે રાત્રે થયું હતું.

## ઠંડીમાં નજીવો વધારો

ગાંધીનગર, તા. ૩

વાતાવરણમાં ધીમે ધીમે ફેરફાર થઈ રહ્યો છે. પવનની દિશા બદલાતા લઘુત્તમ તાપમાન દિવસે દિવસે ઘટતુ જાય છે જેના કારણે ઠંડી વધી રહી છે.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી પારો સતત નીચે ઉતરી રહ્યો છે. દરરોજ એકાદ ડિગ્રી જેટલું તાપમાન ઘટી રહ્યું છે. આજે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી જેટલું નોંધાયું હતું. જ્યારે મહત્તમ તાપમાન હજુ ૩૩ ડિગ્રી જેટલું ઉંચુ છે. ભેજનું પ્રમાણ સવારે ૬૪ ટકા અને સાંજે ૪૭ ટકા નોંધાયું હતું.

## ગાંધીનગરનું ગૌરવ



રાજકોટ ખાતે તાજેતરમાં આયોજિત રાજ્ય કક્ષાની માસ્ટર્સ ઍથ્લેટીક્સમાં ગાંધીનગર શહેરનાં રહેવાસી અને સરકારી પ્રાથમિક શાળાનાં નિવૃત્ત મુખ્ય શિક્ષક ઈન્દુમતિ નૌતમલાલ નિમાવતે ત્રણ ગોલ્ડ મૅડલ જીતીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

સૅક્ટર-૬ બીમાં રહેતા ઈન્દુમતિ નિમાવત રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા શિક્ષક છે અને સતત બીજા વર્ષે અને કુલ ચોથા વર્ષે તેમણે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

૬૬ વર્ષની વયે પણ ગોળા ફેંક અને ૧૦૦ મીટર દોડ તથા ૨૦૦ મીટર દોડ એમ ત્રણેય રમતોમાં ભાગ લઈ તેમણે ગોલ્ડ મૅડલ પોતાને નામ કર્યા હતા. તેમની આ સિદ્ધિ બદલ નગરના ખેલપ્રેમીઓ તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# અતિ ભયંકર કોમ્પ્યુટર વાયરસથી ઓનલાઈન બેંકીંગ વ્યવસ્થા ખોરવાઈ શકે છે

ગાંધીનગર, તા. ૩

રશિયન સાયબર અપરાધીઓની એક ટોળકીએ એક એવો અત્યાધુનિક વાયરસ બનાવ્યો છે જે દેશના કોઈ પણ વિસ્તારની બેંકની શાખામાંથી નાણાં ચોરી શકશે. નેટ બેંકીંગનો ઉપયોગ કરનારા ખાતેદારો માટે તે સૌથી વધુ ખતરારૂપ છે.

ભારતમાં નેટ બેંકીંગની વ્યવસ્થા ધીમે ધીમે વ્યાપક બની રહી છે. નેટનો ઉપયોગ વધતા નેટ બેંકીંગની સુવિધાઓ હવે ઘણા ખાતેદારો ઉપયોગ કરે છે. ખાતેદારો આ વ્યવસ્થા થકી ઘણા ટ્રાન્ઝેકસન્સ ઘરે કે ઓફિસમાં બેઠા બેઠા કરે છે. ઓનલાઈન બેંકીંગની વ્યવસ્થાને વ્યાપક નુકશાન પહોંચાડતો વાયરસ આવી રહ્યો છે. નેચરક્વેસ્ટ ટ્રોજનના નામે ઓળખાવાયેલો આ વાઈરસ બદઈરાદાવાળી બેવસાઈટોમાં અથવા ચેપયુક્ત કોમ્પ્યુટરોમાં સંતાઈ રહે છે અને ઓનલાઈન ખાતાઓમાં યુઝરનેમ અને પાસવર્ડ ચોરી શકે છે. એકવાર તે આ બેંક ખાતાઓ સુધી પહોંચી જાય ત્યારબાદ તે આખેઆખા ખાતાઓને સફાચટ કરી શકે છે. સુરક્ષા નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ વાયરસ એટલો આધુનિક છે કે પરંપરાગત એન્ટી વાયરસ સોફ્ટવેર તેનો મુકાબલો કરવા સક્ષમ નથી. આવુ એટલા માટે છે કે ટ્રોજન વાયરસની રચના કરનારાઓએ તે બધુ જ યુક્તિઓ તેમાં અજમાવી છે જે પકડાઈ જવાનું અને નિષ્ફળ જવાનું ટાળવા માટે હેકરોમાં જાણીતી છે. જો આ વાયરસની હડફેટે કોઈ ખાતેદાર આવી જાય તો તેના ખાતાના નાણાં સફાચટ થઈ શકે છે.

# સુરક્ષા સેતુ રથનું નિર્માણ કરાશે : સૌરાષ્ટ્ર કચ્છ મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ફરશે

ગાંધીનગર, તા. ૩

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા અમલમાં મુકવામાં આવેલી સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સુરક્ષા સેતુ રથનું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સુરક્ષા સેતુ યોજના અંગેની વિગતો આપતાં રાજ્યના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.કે. નંદાએ જણાવ્યું હતું કે પ્રજાને સુરક્ષા સેતુ સોસાયટી વિષે પુરતી જાણકારી મળી રહે અને પ્રજા સુરક્ષા સેતુ સોસાયટી અને પોલીસ વચ્ચે સીધો સંપર્ક થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સુરક્ષાસેતુ રથનું નિર્માણ કરવાનું આયોજન કર્યું છે. પ્રાયોગિક ધોરણે સૌરાષ્ટ્ર-કચ્છ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં સંબંધિત સી.પી.એસ.પી.ના માર્ગદર્શન હેઠળ ફરશે અને તેનું ફીડબેક રાજ્ય કક્ષાની સોસાયટીને આપશે. પરિણામે જ્યાં જ્યાં સુધારાના અવકાશ હશે ત્યાં જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે.

રાજ્યમાં કેરાલામાં અમલમાં મુકાયેલ સ્ટુડંટ કેડર યોજના જેવી યોજના શરૂ કરવાની વિચારણા છે આ એન.સી.સી. જેવી યોજના છે. પરંતુ તેનો અમલ પોલીસ દ્વારા કરવામાં આવશે. બાળકોને દેશ ભક્તિ પર્યાવરણ કુટુંબ સમાજ નશીલા દ્રવ્યોની ખરાબ અસરો વિગેરે બાબતની સમજ આપવામાં આવશે.

સુરક્ષા સેતુ સોસાયટીની પ્રવૃત્તિઓ પર એક દસ્તાવેજી ચિત્ર તૈયાર કરવાનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું છે જે હાલમાં પુરી થવાને આરે છે. જેને દૂરદર્શન તથા થીયેટરોમાં બતાવવામાં આવશે. સુરક્ષા સેતુ સોસાયટીની પ્રવૃત્તિના પ્રચાર પ્રસાર માટે ત્રણ સુરક્ષા સેતુ રથ તૈયાર કરી તેને તમામ જિલ્લાઓમાં ફેરવવામાં આવશે. રથ બનાવાવની કામગીરી હાલમાં ચાલુ છે. જિલ્લા અને શહેર કક્ષાની તમામ સુરક્ષા સેતુ સોસાયટીમાં મુખ્ય સોસીયલ મીડીયાની સાઈડ્સ પર એકાઉન્ટ ખોલવાનું આયોજન કરેલ છે.

પોલીસ માત્ર ગુનો કે એફ.આઈ.આર. નોંધવા માટે જ નથી પરંતુ પ્રજાનો મિત્ર છે તેવો જનતામાં વિશ્વાસ પેદા થાય તે માટે પોલીસ દ્વારા પહેલ કરવામાં આવે. પોલીસની સભ્યશિલતા અને લોકોનો સહકાર એ ખુબ મહત્વની બાબત છે. પ્રતિષ્ઠિત નાગરીકો રચનાત્મક કાર્ય કરનાર એન.જી.ઓ. વિગેરેને કોમ્યુનીટીંગ પોલીસીંગ માટે પબ્લીક પોલીસ પાર્ટનરસીપના સિદ્ધાંત હેઠળ આ યોજનામાં સાંકળી લેવામાં આવે છે. આમ સમૃદ્ધ સંસ્થાઓ એસોસીએશનનો ગૃહ ઉદ્યોગ વિગેરે દ્વારા જન ભાગીદારીથી કાર્યક્રમો હાથ ધરાય તે નજર સમક્ષ રાખીને કુલ ૩૨ સોસાયટીઓની સ્થાપના કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત કરવામાં આવેલી કામગીરી અને તેની સાફલ્ય ગાથાઓ અંગેની વિગતો સુરત રેન્જના ડી.આઈ.જી. હસમુખ પટેલ અને સુરત ગ્રામ્ય એસ.પી.એ આપી હતી.

# ગાંધીનગરના તેજસ્વી યુવા તસવીરકાર આલોક બ્રહ્મભટ્ટનું ફોટોગ્રાફી પ્રદર્શન

ગાંધીનગર, તા.૩


ગાંધીનગરના યુવાન અને તેજસ્વી તસવીરકાર શ્રી આલોક બ્રહ્મભટ્ટનું ફોટોગ્રાફી પ્રદર્શન : 'સાયલન્ટ





કન્વર્સેશન' (મૌન વાર્તાલાપ) આગામી તારીખ ૫ થી ૮ ડિસેમ્બર દરમિયાન અમદાવાદના હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર ખાતે યોજાઈ રહ્યું છે. તારીખ ૫મી ડિસેમ્બરને ગુરૂવારે સાંજે ૪.૦૦ વાગ્યે યોજાનારા ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના સર્વશ્રેષ્ઠ ફોટોગ્રાફી મેગેઝીન-બેટર ફોટોગ્રાફી (મુંબઈ)ના તંત્રી શ્રી માધવન, એન.આઈ.ડી. ના ફોટોગ્રાફી ડીપાર્ટમેન્ટના વડા શ્રી દિપક જ્હોન મેથ્યુ, માઈકાના ડાયરેક્ટર શ્રી નાગેશ રાવ, જાણીતા ડોક્યુમેન્ટરી-ફિલ્મ મેકર શ્રી પ્રવીણ મિશ્રા તથા અમદાવાદના જાણિતા તસવીરકાર શ્રી વિનય પંજવાણી ખાસ ઉપસ્થિત રહેશે.

અમદાવાદના પ્રતિષ્ઠિત હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સેન્ટરમાં ગાંધીનગરના તસવીરકારનું "દર્શન યોજાઈ રહ્યું હોય એવી આ પહેલી ઘટના છે. ગાંધીનગરના ૫૦૦ જેટલા પ્રતિભાશાળી નવોદિત તસવીરકારોના જૂથ 'બેરફૂટ ફોટોવોર્ક્સ'નું નેતૃત્વ અને માર્ગદર્શન કરતા શ્રી આલોક બ્રહ્મભટ્ટે વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી કોમ્યુનિકેશન સ્ટડીઝમાં માસ્ટર્સની ડિગ્રી હાંસલ કરી છે. ગુજરાત લલીતકલા અકાદમીના રાષ્ટ્રીય "દર્શન અને એન.આઈ.ડી.ના ગ્રુપ શૉમાં ફોટો પ્રદર્શનથી ફોટોગ્રાફીના ક્ષેત્રમાં પદાર્પણ કરનાર શ્રી આલોક



બ્રહ્મભટ્ટે હાલમાં જ મુદ્રા ઈન્સ્ટીટ્યુટ ઑફ કોમ્યુનિકેશન (માઈકા)ના કન્સલ્ટન્ટ તરીકે હાવર્ડ બિઝનેસ સ્કૂલની ફોટો નોવેલના ડાયરેક્ટર ઑફ

● અનુસંધાન પાન-૭ પર

## એસ.ટી. દ્વારા કસ્ટમર કેર ટોલ ફ્રી નંબરની સેવા શરૂ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ઓનલાઈન બુકીંગ કરતા મુસાફરોને લઈ ૨૪ કલાક માટે કસ્ટમર કેર ટોલ ફ્રી નંબર શરૂ કરવામાં આવ્યા છે. ટોલ ફ્રી નંબરની સેવા લેવા માટે ૧૮૦૦ ૨૩૩ ૬૬૬ ૬૬૬ ડાયલ કરવા જણાવાયું છે. એસ.ટી.ના મુસાફરો માટે આ સેવા ઉપલબ્ધ થતા ઓનલાઈન બુકીંગ કરતા મુસાફરોની મુંજવણો દૂર થશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com